
તાપમાન
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૧૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૮ | ૨૯ એપ્રિલ, ૨૦૧૬, શુક્રવાર ; ચૈત્ર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## માલ્યાને સોંપવા ભારતની બ્રિટન પાસે માંગ

### ભારત સરકારે બ્રિટન સરકારને પત્ર લખીને માંગ કરી : માલ્યાના રાજદ્વારી પાસપોર્ટને પરત ખેંચી લીધા બાદ પણ પરત નહીં ફરતા અંતે વિદેશ મંત્રાલયની પહેલ : બ્રિટિશ હાઈકમિશનર સમક્ષ અનેક રજૂઆત



નવીદિલ્હી,તા. ૨૮

આશરે ૯૪૦૦ કરોડની લોનની ફેરચુકવણી નહી કરવાના મામલે ફસાયેલા વિજય માલ્યા પર સરકારે સકંજો વધારે મજબુત કર્યો છે. ભારત સરકારે સત્તાવારરીતે બ્રિટનની સરકારને વિજય માલ્યાને પરત મોકલી દેવાની વિનંતિ કરીને પત્ર લખ્યો છે. બ્રિટનમાંથી વિજય માલ્યાના પ્રત્યાર્પણની માંગ કરવામાં આવ્યા બાદ હવે તેમની વાપસી નિશ્ચિત દેખાઈ રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા વિકાસ સ્વરૂપે ગુરૂવારે હતુ કે બ્રિટનના હાઈ કમીશનને પત્ર લખીને મદદ માંગવામાં આવી છે. તાજેતરમાં જ માલ્યા સામે કઠોર વલણ અપનાવીને વિદેશ મંત્રાલય દ્વારા માલ્યાને આપવામાં આવેલા ડિપ્લોમેટિક પાસપોર્ટને પરત લઈ લીધો હતો. શરાબ કારોબારી વિજય માલ્યા બીજી માર્ચના દિવસે ભારતથી લંડન ફરાર થઈ ગયા હતા. અહેવાલ મુજબ વિજય માલ્યા તપાસનો સામનો કરવા તૈયાર થઈ રહ્યા નથી. તેઓ સતત વિદેશથી ખાતરી આપી રહ્યા છે. વિજય માલ્યા સ્વદેશ પરત ફરવાના કેટલાક આદેશોની અવગણના કરી ચુક્યા છે. એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે મંગળવારના દિવસે બેંકો સાથે વિજય માલ્યા, તેમના ત્રણ બાળકો અને તેમનાથી દૂર રહેતી પત્નિ દ્વારા જાળવી રાખવામાં આવેલી સંપત્તિની વિગતોની વાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત- પાક સરહદ પર એક ડઝન લેજર વોલ એક્ટિવેટેડ

નવી દિલ્હી,તા. ૨૮

પંજાબ સાથેની ભારત-પાકિસ્તાન સરહદ પર હવે એક ડઝન લેજર વોલ એક્ટિવેટેડ કરી દેવામાં આવતા ત્રાસવાદીઓ પર સંપૂર્ણ અંકુશ મુકવાની તૈયારી કરી લેવામા આવી છે. લેજર વોલ એક્ટિવેટેડ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન તરફથી ઘુસણખોરી વેળા માનવીય ભુલની શક્યતા હવે ખતમ થઈ ગઈ છે. આના પરિણામસ્વરૂપે જોખમ ભરેલા વિસ્તારોમાંથી ત્રાસવાદીઓ અને ઘુસણખોરોની પ્રવૃતિઓ પર સુરક્ષા સંસ્થાઓ વધારે સારી રીતે નજર રાખી શકશે.

## શેરબજાર ધરાશાયી સેંસેક્સમાં ૪૬૧ પોઈન્ટનો મોટો ઘટાડો થયો

મુંબઈ,તા. ૨૮

શેરબજારમાં આજે જોરદાર મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેંસેક્સ ૪૬૧ પોઈન્ટ ઘટીને ૨૫૬૦૩ની સપાટી પર રહ્યો હતો. સેંસેક્સે ૨૬ હજારની સપાટીને ગુમાવી દીધી હતી. બીજી બાજુ નિફ્ટી ૧૩૩ પોઈન્ટ ઘટીને ૭૮૪૭ની સપાટી પર રહ્યો હતો. ૧૩મી એપ્રિલ ૨૦૧૬ બાદથી નિફ્ટી સૌથી નીચી સપાટી પર રહ્યો છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૦.૮ અને ૧.૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યોહતો.

## કોમન મેડિકલ એન્ટ્રેસ ટેસ્ટ લેવા માટે સુપ્રીમ કોર્ટનો હુકમ

### આ વર્ષથી વિદ્યાર્થીઓ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ : મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે થતા કેટલાક પ્રકારના ટેસ્ટને રદ કરીને તેની જગ્યાએ એક ટેસ્ટ યોજવા સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી,તા. ૨૮

દેશભરની ખાનગી અને સરકારી મેડિકલ કોલેજના મેડિકલ કોર્સમાં પ્રવેશ મેળવી લેવા માટે એક સામાન્ય પ્રવેશ પરીક્ષા આ વર્ષથી યોજવામાં આવનાર છે. હાલમાં જ સુપ્રીમ કોર્ટે મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે થનાર કેટલાક ટેસ્ટને રદ કરીને તેની જગ્યાએ એક સામાન્ય પ્રવેશ પરીક્ષા નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નીટ)ને વર્ષ ૨૦૧૬-૧૭ના સત્રથી ફરજિયાતરીતે લાગુ કરવાનો આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સેન્ટર, મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(એમસીઆઈ) તેમજ સીબીએસઈને પારસ્પરિક ચર્ચા કરીને નીટના આયોજન માટે સમયસુચિ તૈયાર કરવાનો આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આરોગ્ય મંત્રાલય, એમસીઆઈ અને સીબીએસઈના અદિકારીઓની બે કલાકથી વધારે સમય સુધી ચર્ચા થઈ હતી. ત્યારબાદ એક કાર્યક્રમ તૈયાર કરી લેવામાં સફળતા મળી હતી. સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં લઈને સરકાર ટુંક સમયમાં જ નીટનુ આયોજન કરનાર છે. પરંતુ નવેસરથી નીટના આયોજન માટે હજુ સમય લાગી શકે છે. જેથી સરકાર પહેલી મેના દિવસે યોજાનાર એઆઈપીએમટી-૨૦૧૬ને જ નીટના પ્રથમ તબક્કા તરીકે ગણવાનુ સુચન કરી શકે છે. આ ઉપરાંત આગામી કેટલાક મહિનામાં થનાર અન્ય મેડિકલ એન્ટ્રેન્સ ટેસ્ટને રદ કરવાના આદેશ જારી કરી શકે છે. સુત્રોએ કહ્યુ છે કે જે વિદ્યાર્થીઓ દ્વારા આ વર્ષે એઆઈપીએમટી માટે અરજી કરી ચુક્યા છે તેમના માટે નીટના બીજા તબક્કાનુ આયોજન જુલાઈના મધ્યમાં કરવામાં આવી શકે છે. એક સુચિત કાર્યક્રમ તૈયાર કરી લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. કેટલાક વાલીઓ ખુશ પણ છે.

## અભિનેત્રી મમતા કુલકર્ણી ડ્રગ્સ સ્મગલિંગમાં સામેલ

### વર્ષ ૧૯૯૦ના દશકની સૌથી લોકપ્રિય અભિનેત્રી સ્મગલિંગમાં : પતિ સાથે મળીને ડ્રગ્સ કારોબારમાં ભૂમિકા ભજવી રહી છે : થાણે પોલીસની તપાસ જારી



મુંબઈ,તા. ૨૮

વર્ષ ૧૯૯૦ના દશકની સૌથી લોકપ્રિય અને સેકસી સ્ટાર તથા આમીરખાન અને સલમાન ખાન જેવા ટોપ સ્ટાર સાથે ફિલ્મોમાં કામ કરી ચુકેલી અભિનેત્રી મમતા કુલકર્ણી હાલમાં પતિની સાથે મળીને ડ્રગ્સ સ્મગલિંગ કરી રહી હોવાના અહેવાલ મળ્યા છે. થાણે પોલીસની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો ગયા મહિનામાં જપ્ત કરવામાંઆવેલા ૨૦ટન એફેડ્રાઈન ડ્રગ્સના જથ્થામાં તેની ભૂમિકા હતી. રિપોર્ટ મુજબ મમતા કુલકર્ણીના રોલમાં થાણે પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. મમતા કુલકર્ણી વિતેલા વર્ષોમાં સલમાન ખાન અને શાહરૂખખાન જેવા સુપરસ્ટાર સાથે પણ કામ કરી ચુકી છે. તપાસ કરનાર અધિકારીઓએ ધડાકો કર્યો છે કે મમતાના કેન્યા સ્તિત પતિ વિકી ગોસ્વામી આ મામલે મુખ્ય સુત્રધાર છે. આ અગાઉ પણ વિવેકનુ નામ ડ્રગ્સના અપરાધી તરીકે આવી ચુક્યુ છે. માદક દ્રવ્યોની હેરાફેરી માટે તેનુ નામ સપાટી પર આવતુ રહ્યુ છે. વર્ષ ૧૯૯૭માં તે દુબઈમાં ડ્રગ્સ ટ્રેફિકિંગના મામલે ઝડપાયો હતો. ત્યાંની જેલમાં ત્યારબાદ ૧૫ વર્ષ

● અનુસંધાન પાન-૭ પર

## IRNSS 1-G લોંચ ભારતની સફળતા



### હવે જીપીએસ સિસ્ટમ ધરાવનાર દેશોની યાદીમાં સામેલ : અમે પોતે અમારા રસ્તા નક્કી કરીશુ : મોદી

નવી દિલ્હી,તા. ૨૮

ઉપગ્રહની દુનિયામાં આજે ભારતે મોટી સફળતા મેળવી લીધી હતી. શ્રીહરિકોટા સ્થિત અંતરિક્ષ કેન્દ્રથી પીએસએલવી-સી૩૩ થી આઈઆરએનએસએસ૧ને લોંચ કરવામાં આવતા વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આની સાથે જ આ સફળતા મેળવી ચુકેલા ખુબ ઓછા દેશોની યાદીમાં ભારત આજે જોડાઈ ગયુ હતુ. આ લોંચની સાથે જ ભારત હવે પોતાની જીપીએસ સિસ્ટમ ધરાવનાર દુનિયાના પાંચમા દેશ તરીકે બની જવામાં સફળ રહેતા દેશના લોકો માટે આ ગર્વની વાત છે. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ સફળ લોંચ માટે ઈસરોને અભિનંદન આપ્યા હતા. રાષ્ટ્રપતિએ ઈસરોના અધ્યક્ષ એએસ કિરણ કુમારને મોકલેલા સંદેશામાં કહ્યુ છે કે હુમ ભારતીય ક્ષેત્રીય દિશાસુચક ઉપગ્રહ પ્રણાલીને દિશાસુચક ઉપગ્રહના સફળ લોંચિંગબદલ સમગ્ર ટીમને અભિનંદન આપ્યા હતા.

## રાજ્યભરમાં કાળઝાળ ગરમી

### ગુજરાતભરમાં અગનવર્ષા વચ્ચે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયુ : ભુજ ખાતે તો મહતમ તાપમાન ૪૩.૯ સુધી પહોંચ્યો

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં હવે કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. ગરમીનો કારણે હવે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. આજે અમદાવાદમાં પારો રોકેટ ગતિથી વધીને ૪૨.૪ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. જ્યારે રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૪૩થી પણ ઉપર રહ્યો હતો. રાજ્યના જે વિસ્તારોમાં પારો આજે ૪૩ કરતા પણ ઉપર પહોંચી ગયો હતો તેમાં સુરેન્દ્રનગર, ભુજનો સમાવેશ થાય છે. કંડલા એરપોર્ટ પર પણ ગરમીનો પ્રકોપ રહ્યો હતો. હિટવેવની કોઈ ચેતવણી જારી કરવામાં આવી ન હોવા છતાં લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો અને લોકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તીવ્ર ગરમીના કારણે જનજીવન ઉપર પણ અસર થઈ હતી. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં પાણીને લઈને લોકો હેરાન પરેશાન થયેલા છે. સાથે સાથે પાણીમાં ગંદકી હોવાની ફરિયાદ પણ ઉઠી રહી છે. બપોરના ગાળામાં જનજીવનને પણ અસર થઈ છે. હવામાન વિભાગે હિટવેવની કોઈ ચેતવણી જારી કરી નથી પરંતુ તાપમાનમાં યથાસ્થિતિ રહે તેવી શક્યતા છે. દરમિયાન શહેરમાં હીટવેવ એકશન પ્લાનના અનુસંધાનમાં ૨૬મીથી શહેરના

● અનુસંધાન પાન-૭ પર


ધોરણ 12/FY/SY/TY પછી કોલેજની સાથે સાથે
કલેક્ટર (IAS), એસ.પી.(IPS)
ડેપ્યુટી કલેક્ટર, Dy. S.P., (GPSC)
ગુજરાત સરકારમાં વર્ગ-3 અધિકારી
વગેરેની તૈયારી કેવી રીતે કરશો ?
ફોનથી રજીસ્ટ્રેશન જરૂરી
ફ્રી સેમિનાર
તા.1 May 2016
અમદાવાદ (સવારે 9 કલાકે) 9427071727
ગાંધીનગર (સાંજે 5 કલાકે) 9426880577
વકતા : રજનીશ સિંહ તોમર
(દિલ્હીના તજજ્ઞ અને સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શનના 16 વર્ષના અનુભવી)
VISHWAS EDUCATION PVT LTD (079) 26586832 9924191307



જાહેર આભાર
અમારા સેક્ટર-૨૬, ૨૭, ૨૮, આદિવાડા, ચરેડીના મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, કાર્યકરો, શુભેચ્છકોનો આભાર.

જીગા બાપુ | નીતિન પટેલ | હર્ષાબા ધાધલ | બરખાબેન જહા
વોર્ડ નં. ૧ના ભાજપના ઉમેદવારો



જાહેર આભાર

રોશનબેન યુસુફભાઈ પરમાર | લલીતાબેન વાઘાજી ઠાકોર | શૈલેન્દ્રસિંહ ભીખુસિંહ બિહોલા | હસમુખભાઈ જુગાજી મકવાણા (લાલભાઈ)
વોર્ડ નં.-૨ તમામ કાર્યકરો સેક્ટર નં.૨૯ જી.ઈ.બી.કોલોની, પાલજ, બાસણ, બોરીજ, ઈન્દ્રોડાના અમારા વ્હાલા મતદાર ભાઈઓ/બહેનો તથા વડીલો તથા સનિષ્ઠ કાર્યકરો તેમજ કોંગ્રેસ પાર્ટીના વડીલ આગેવાનો તેમજ સ્હીજનો મહાનગર પાલિકાની ચુંટણી દરમ્યાન પોતાની શક્તિ નિષ્ઠા વફાદારી અને મહેનતથી જે કામગીરી કરી તે બદલ અમે બધાનો ખુબ ખુબ આભાર માનીએ છીએ.આભાર સહ...



देना बैंक
DENA BANK
(A Government of India Enterprise)
Trusted Family Bank
અમારી નવા સચિવાલય શાખાના ઉદ્‌ઘાટન ના શુભ અવસર પર આપને પધારવા હાર્દિક આમંત્રણ છે.
ઉદ્‌ઘાટનકર્તા
શ્રી સૌરભભાઇ પટેલ
માનનીય નાણાં મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
સમારંભના અતિથિ વિશેષ
શ્રી અશ્વની કુમાર, અધ્યક્ષ અને પ્રબંધ નિદેશક
દેના બેંક
તારીખ : શુક્રવાર, ૨૯ એપ્રિલ, ૨૦૧૬
સમય : સવારે ૧૦.૧૫ કલાકે
સ્થળ : બ્લોક નં. ૩, ત્રીજો માળ, સરદાર ભવન, સેક્ટર - ૧૦, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
આર.આર. ધૂળકોટિયા, શાખા પ્રબંધક | ચિત્રા કીર્તિવાસન, અંચલ પ્રબંધક | વિક્રમાદિત્ય સિંહ ખીચી, ક્ષેત્રિય મહાપ્રબંધક(ગુજરાત)
देना है तो भरोसा है



KIPA WISHES ALL OF YOU
HAPPY INTERNATIONAL DANCE DAY
KIPA SUMMER CAMP
(ગત વર્ષની જેમ આ વર્ષે પણ)
વેકેશનની રજાઓનો સદ્‌ઉપયોગ કરી, નવું કૌશલ્ય પ્રાપ્ત કરો
ફોક, વેસ્ટર્ન અને ભરતનાટ્યમ ડાન્સીંગ
૧ મે,૨૦૧૬ થી બે-મહિના સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ
પ્રથમ ૫૦ વિદ્યાર્થીઓને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ
---CONTACT---
KIPA - KHANAK INSTITUTE FOR PERFORMING ARTS
ખુશબૂ કુલદીપ શુકલ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.